

જીવન સરગમ
બિન્દુબેન કચરા

# સહયોગી પતિ સૌને ગમે!

વાત તો 100% સાચી ખરું ને? સહયોગી પતિ સૌને ગમે! આપણા પુરુષપ્રધાન સમાજમાં પતિનો સહયોગ મળવો ખૂબ મુશ્કેલ છે. ઘરનાં નાનાં-મોટાં કામમાં પત્નીને મદદ કરે તેવું દરેક ઈચ્છે છે. પહેલાંના જમાનામાં સંયુકત કુટુંબ હતાં સાસુ-સસરા, ભાઈ-બહેન, દેરાણી-જેઠાણી બધાં સાથે એક જ ઘરમાં રહેતાં હતાં. કામ બધું વહેંચાઈ જતું, પુરુષના ભાગે ઘરનું કોઈ કામ કરવાનું આવતું નહીં. તેથી પુરુષની સમજમાં આવતું નથી કે ઘરકામ પણ ખૂબ મહત્ત્વનું છે, જેટલું તેમનું ઓફિસ કામ. જો ઘરકામ ગૃહિણી વ્યવસ્થિત ન કરે તો ઘરની વ્યવસ્થા ખોરવાઈ જાય છે. જો કોઈ પતિ તેની પત્નીને થોડી મદદ કરાવે તો ઘરના અન્ય સભ્યો, આડોશપાડોશ તેને પત્નીઘેલો કહી ઉતારી પાડે, તેની મશ્કરી કરતાં.

પરંતુ હવે જમાનો બદલાઈ રહ્યો છે. સંયુકત પરિવારનું સ્થાન વિભકત પરિવારે લઈ લીધું છે. હવેની રહેણીકરણી, મોજશોખ બધું ખૂબ વધ્યું છે. મોંઘવારીને જોતાં, પતિ-પત્ની બંનેએ કમાવા જવું પડે તેમ છે. આવી સ્થિતિમાં જો પત્નીને પતિનો કામમાં થોડો સહયોગ મળી જાય તો ગૃહસ્થી સરસ રીતે ચાલે. એક ઉદાહરણ જોઈએ.

સ્તુતિને ઓફિસના કામે એક અઠવાડિયા માટે બેંગલોર જવાનું હતું. સ્તુતિ ઓફિસમાં CEOની પદવી પર હતી. તેની હોંશિયારી, કર્તવ્યનિષ્ઠાને કારણે તેને ઓફિસમાં ઉત્તરોત્તર બઢતી મળી હતી. બેંગલોરમાં અઠવાડિયા દરમિયાન ઘણી મીટિંગો કરવાની હતી. બધા રિપોર્ટ તૈયાર કરવાના હતા. ઓફિસનું બધું કામ સમેટતાં ઘેર જવાનું મોડું થઈ ગયું. સ્તુતિને રસ્તામાં ચિંતા થવા લાગી કે ઘેર જઈને કયારે પરવારીશ? રસોઈ, બેગ ગોઠવવાની, નાસ્તો બનાવવાનો.

ઘર આવીને સ્તુતિ શું જુએ છે? એના પતિ સ્તવન અને દીકરા મોન્ટુએ બેગ કાઢી સાડી સાથે મેચિંગ ચણિયા-બ્લાઉઝ નેપકીન-ટુવાલ બધું તૈયાર રાખ્યું હતું. રસોડામાં ગઈ તો રસોઈ પણ તૈયાર હતી. નાસ્તાના પેકેટ પણ લાવી રાખ્યાં હતાં સ્તવને...!

‘‘સ્તવન, તમે તો આટલી બધી મારે માટે તૈયારી કરી દીધી. હું આવીને કરતે ને?’’

‘અરે! તું ઓફિસમાં આટલી મોટી જવાબદારી નિભાવે છે. તું પણ દોડી દોડીને થાકે કે નહીં? આમ પણ તારી તબિયત સારી નથી. હું તો ઘરમાં બેઠો છું તો થોડી તૈયારી કરી લીધી. સ્તુતિ હવે તું ઉતાવળ કર, ચાલ જલદી જલદી જમી લઈએ. પછી તારે ફલાઈટ પકડવા સમયસર નીકળવું પડશે.’’

સ્તુતિ વિમાનમાં બેઠી બેઠી વિચારે ચઢી. સ્તવન ઓછું ભણ્યો છે છતાં જરા પણ હીનભાવ અનુભવતો નથી. હંમેશાં મારા વખાણ કરતો રહે છે. હંમેશાં મને આગળ વધવાની તક ઊભી કરી આપે છે. હું આ ઘરમાં આવી ત્યારે મેટ્રિક પાસ હતી. સ્તવનના પ્રોત્સાહનથી જ તો ભણી શકી. રાત્રે વાંચતી હોઉં ત્યારે તે પણ મારી સાથે ઉજાગરા કરતો, ચા બનાવી આપતો, મને સગવડ મળી રહે એટલા માટે એણે રસોઈ બનાવતા શીખી લીધું. આજે જે મારી સિદ્ધિ છે એ સ્તવનને આભારી છે. મારા દીકરા મોન્ટુની સાચા અર્થમાં મા બનીને રહ્યો છે. પતિની નાની નાની મદદ પત્ની માટે ઘણી મોટી છે-પત્નીને રાહત મળશે. આરામ મળશે. ગૃહસ્થી સુંદર રીતે ચાલશે. સ્તુતિની સખી અમૃતા હંમેશ સ્તુતિને કહેતી, ‘‘તું કેટલી નસીબદાર છે તને આવો સુંદર સહયોગી પતિ મળ્યો છે. જયારે મારો પતિ ઓફિસેથી ઘરમાં આવે તેવો સોફા પર લાંબો થઈ જાય અને ઓર્ડર કરે ચા - નાસ્તો લાવ- હું પણ ઓફિસથી જ આવી હોઉં છું. મારો તો એ વિચાર કરતો જ નથી. બાળકો પણ સ્કૂલેથી આવેલાં હોય તેને વ્યવસ્થિત કરવાનાં, ખવડાવવાનાં અને પછી સાંજની રસોઈની તૈયારી કરવાની. આ સમયે પતિ થોડી મદદ કરે તો કેટલી રાહત થાય. હું તો મારા પતિને તારા પતિ સ્તવનની વાત કરીને થાકી પણ એની સમજમાં જ નથી આવતું.’’

આવા સમયે પત્નીએ થોડી રાહ જોવાની જરૂર છે. રાતોરાત કોઈનામાં બદલાવ શકય નથી. પતિને બદલાતા વાર લાગશે. તેમના વિચારો અને વર્તન બદલાતા વાર લાગશે. ધીરજથી કામ લો પણ દૃઢ બની રહો. સમયની સાથે તમારો પતિ તમારી વાત સમજશે. તમારી લાગણીઓને પણ સમજશે. ત્યારે સાથી તમને પૂર્ણ સહકાર આપવાની કોશિશ કરશે.

હળીમળીને કામ કરો-એકબીજાના સહકારથી કામ કરો તો કામ ઘણું સહેલું બની જશે. તમારા ઘરનાં અને બહારનાં કામનું લિસ્ટ બનાવી લો પછી સાથે બેસીને ચર્ચા કરી લો કે કોને કયું કામ ફાવશે. તે પ્રમાણે કામ વહેંચવાથી કાર્ય કરવું સરળ થઈ જશે. સમયની પણ બચત થશે. એકબીજા માટેનો આત્મવિશ્વાસ વધે છે, સમજ વધે છે અને હા પ્રેમ પણ વધે છે. દામ્પત્યજીવન મીઠું, મધુરું બની જાય છે.

તો વાચકમિત્રો! સહયોગી પતિ તરીકે સ્તવન ખરેખર પ્રેમાળ પતિ કહેવાય. જે માણસની માણસ તરીકે કદર કરી જાણે છે. બહુ ઓછાં ઘરોમાં સ્નેહકદર જોવા મળે છે. જીવનસંસાર માંડયો જ છે તો બધા સભ્યોની સાથે સ્નેહભર્યો વર્તાવ કરો. સાચો ધર્મ નિષ્ઠાપૂર્વક કર્તવ્ય બજાવવામાં રહેલો છે. ખોટા કર્મકાંડમાં ફસાયા વગર જીવમાત્ર પ્રત્યે કરુણા-મૈત્રી ભાવ એ ખરો ધર્મ. મારો જેવો આત્મા છે તેવો બીજાનો પણ આત્મા છે, એ વાતનું સદૈવ સ્મરણ એ જ સાચો જાપ...!

સૌનાં સુખે સુખી અને સૌનાં દુઃખે દુઃખી એ ભાવના કેળવી એકબીજાને સહાયરૂપ બનો. બાળકોને પણ કામ કરતાં શીખવાડો. પતિ-પત્ની અને બાળકો એકબીજાનો સહયોગ કરીને કામ કરે તો ઘર ખરેખર સ્વર્ગ બની જાય! એકબીજાના સહયોગથી જ કાર્ય દીપે છે. કુટુંબ, પરિવાર પણ દરેક સભ્યોમાં સંવાદિતા હોય તો જ ટકે છે. સમાજ-સભ્ય-દેશ-દુનિયા સહકારની એક મોટી સાંકળથી એકબીજા જોડે જોડાયેલાં છે. સહકાર, સંગઠન, આદાનપ્રદાનનું નામ જ છે જીવન!



**તું કેટલી નસીબદાર છે તને આવો સુંદર સહયોગી પતિ મળ્યો છે. જયારે મારો પતિ ઓફિસેથી ઘરમાં આવે તેવો સોફા પર લાંબો થઈ જાય અને ઓર્ડર કરે ચા - નાસ્તો લાવ- હું પણ ઓફિસથી જ આવી હોઉં છું. મારો તો એ વિચાર કરતો જ નથી**

### સુવર્ણરજ

માત્ર પોતાને માટે જ નહીં, અન્યોને માટે પણ જયાં હૃદય ધડકતાં હોય તે ઘર!